## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



બહેન, પેટ્રોલનાં ભાવ વધ્યા છે એટલે પણીપુરીનાં વધ્યા છે. એવુ નથી... આ તો પાણી ની તંગી નાં કારણે ...!



ગાંધીનગર રક્ષાશક્તિ સર્કલની નજીક ઝાંડી વિસ્તારમાં આગ લાગી હતી. સુકા પાંદડાને પગલે આગ પ્રસરતા લીલી વનરાજીને પણ નુકસાન થવાની ભિતી હતી. ત્યારે બનાવ અંગે ફાયરબિગ્રેડને જાણ કરતા ફાયર જવાનોએ તાત્કાલીક સ્પળ પર પહોચી ને પાણીનો મોટર ચાલાવી ઝાંડી વિસ્તારની આગ પર કાબુ મેળવી લીધો હતો.

# ગાંધીનગર એ.આર.ટી.ઓ. કચેરી દ્વારા નવી વાહન સીરીઝનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર એ. આર. ટી. ઓ. કચેરી દ્વારા ટુવ્હીલરની નવી સિરીઝ GJ18DP તથા એલ.એમ.વી. કારની સિરીઝ GJ18BR નું ઓક્શન શરૂ કરવામાં આવનાર છે. ઈ-ઓક્શનની પ્રક્રિયાનું રજીસ્ટ્રેશન તા. ૧૫મી મે, ૨૦૨૨ના રોજ શરૂ થશે. તેમજ તા. ૧૭મી મે, ૨૦૨૨ ના રોજ રાત્રિના ૧૧.૫૯ કલાક સુધી રજિસ્ટ્રેશન કરાવી શકાશે, તેવું સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીએ જણાવ્યું છે.

ગાંધીનગરના સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીએ જણાવ્યું છે કે રાજ્ય સરકાર દ્વારા પરિપત્રથી આપેલી સૂચનાનુસાર ગોલ્ડન નંબરો, સિલ્વર નંબરો, બેઝ એમાઉન્ટ રજિસ્ટ્રેશન ટેક્ષ, સી.એન.એ ફોર્મ વગેરેને મૂળભૂત રીતે યથાવત રાખી, વાહન ૪.૦ માં ઉપલબ્ધ નાગરિક કેન્દ્રિત સગવડને લક્ષમાં રાખી, સરકારશ્રી દ્વારા વાહનના નંબરોની હરાજી પારદર્શક, ઝડપી અને કાર્યક્ષમ બનાવવા ONLINE AUCTION થી કરવાનું નકકી કરવામાં આવ્યું છે.

ઓનલાઈન ઓકશનએ DYNAMIC AUCTION PROCESSES રહેશે. એટલે કે અરજદારને વેબસાઈટ પર હરાજી પ્રક્રિયા દરમ્યાન વખતો-વખત હરાજીની રકમનો ઉમેરો કરવાનો રહેશે. આ ઉમેરો રૂ. ૧૦૦૦ના ગુણાંકમાં વધારવાનો રહેશે. હાલની ONE TIME BIDDING PROCESS જેમ એક જ વખત BIDD PROcess કરી શકશે નહી. ઈ ઓક્શનની પ્રક્રિયાનું રજિસ્ટ્રેશન તા. ૧૫મી મે થી તા. ૧૭મી મે, ૨૦૨૨ના દરમ્યાન કરી શકાશે. ઈ- ઓક્શનની એકશન પ્રક્રિયા તા. ૧૮મી મે, ૨૦૨૨ ના રોજથી કરવામાં આવશે. તેમજ ઈ-ઓક્શનની એકશન પ્રક્રિયા તા. ૧૯મી મે, ૨૦૨૨ ના રોજ રાત્રિના ૧૧.૫૯ કલાકે પૂર્ણ થશે.

ઓનલાઈન ઓકશનમાં ભાગ લેનાર અરજદારે મુખ્ય કામગીરી કરવાની રહેશે. આ માટે http:/parivahan.goin/parivahan પર નોંધણી, યુઝર આઈ.ડી.પાસવર્ડ તૈયાર કરવાનો રેહશે. હરાજીની પ્રક્રિયામાં સફળ થયેલાં અરજદારને સફળ ગણી બાકીના નાણાં-દિન-૫ (પાંચ)માં ભરપાઈ કરવા માટે SMS કે E-mail થી જાણ કરવામાં આવશે. હાલની મેન્યુઅલ પદ્ધતિ પ્રમાણે નાણાં પરત કરવાના રહેશે. એટલે કે $N^a$ Banking, credit/Debit card થી ચુકવણું કર્યુ હશે તો તે જ Mode થી નાણાં અરજદારના ખાતામાં SBI- epay દ્વારા પરત કરવામાં આવશે તેવું સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીએ જણાવ્યું છે.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.

● રાજ્ય સ્વાગત કાર્યક્રમમાં આજે જિલ્લાના ત્રણ પ્રશ્નો રજુ થયા હતા.

● આજે પ્રદેશ કાર્યાલય ખાતે રાષ્ટ્રીય અધ્યક્ષ દ્વારા ચૂંટાયેલા પદાધિકારીઓની મહત્વની બેઠકનું આયોજન કરાયુ છે.

● ગ્રામીણ વિસ્તારમાં પાણીની માંગ વધતાં તંત્રએ પાણીના વપરાશને લઈ અભ્યાસ હાથ ધર્યો હોવાનું જાણવા મળેલ છે.

● ગાંધીનગર જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘમાં હોદ્દાઓની વહેંચણીને મુદ્દે અસંતોષની આગ પકડાઈ છે ૧૨ જેટલા આગેવાનોએ રાજીનામા ધરી દેવાની વાતે શિક્ષણ જગતમાં ચર્ચાઓ જગાવી છે.

● ગરમીનો પ્રકોપ વધી રહ્યો હોવાથી જિલ્લાવાસીઓ ત્રાહિમામ પોકારી ગયા છે.

● લાયોનેસ કલબ ઓફ ગાંધીનગર દ્વારા ઉવારસદ ખાતે આવેલ પુનઃવસન કેન્દ્રમાં દિવ્યાંગ બાળકોને ઉપયોગી થાય તેવા સાધનોની સહાય આપવામાં આવી છે.

● ગરમીના વધતા જતા પ્રકોપને પગલે વીજમાંગમાં પણ વધારો નોંધાયો છે.

● આજે આંતરરાષ્ટ્રીય નૃત્ય દિવસ છે. ગાંધીનગરના કલાપ્રેમીઓમાં આ દિવસને લઈ ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

● સરકારી પ્રા. શાળાઓમાં આજે પરીક્ષાનો અંતિમ દિવસ છે. ખાનગી શાળાઓએ તો બાળકોના પરિણામ પણ જાહેર કરવાનું શરૂ કર્યુ છે.

## ડભોડા સ્થિત હુડકો (મોદીનગર) વિસ્તારમાં નવીન બોર બનાવવાનું ખાતમુહૂર્ત કરાયું

ચિલોડા, તા. ૨૮

જન પ્રતિનિધિત્વ મજબૂત, પરિણામલક્ષી, નિર્ણાયક અને વિશ્વસનીય હોય તો પ્રજાલક્ષી વિકાસ કાર્યોની આગામી અનોખી કાર્યશૈલીની મિશાલ ડભોડાના હુડકો (મોદીનગર)માં દૃષ્ટિગોચર થઈ. ગાંધીનગર તાલુકાના ડભોડાના હુડકો (મોદીનગર) વિસ્તારમાં પીવાના પાણીનો ૨૦ વર્ષ જૂનો પ્રાણપ્રશ્ન ઉકેલવા માટે ચાચોર વિસ્તારમાં નવીન બોરનું શારકામનો શુભારંભ થયો. ટુંક સમયમાં વીજ જોડાણની સુવિધા ઉપલબ્ધ થશે અને બોર કાર્યરત થઈ જશે. પણ ચાચોર વિસ્તાર ખૂબજ મોટો હોવાથી ચાચોર અને હુડકો (મોદીનગર) વિસ્તારમાં હાલમાં જ ઉનાળાની ગરમીમાં પાણીનો વિકટ પ્રશ્ન ઉભો થતા જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેન મીનાબેન લલિતસિંહ ઠાકોર અને સરપંચ આનંદીબેન ભૂપતસિંહ ઠાકોરના નમ્ર પ્રયાસો સફળતાના શિખરે અને વિકાસલક્ષી નેતૃત્વથી પ્રેરિત થયાં. વિકાસની ગાથામાં અગ્રણી મિત્રો ભૂપતસિંહ કેશાજી પરમાર, ગૌરાંગ પટેલ, રાયચંદભાઈ પ્રહલાદજી સોલંકી, હરીશ ઠાકોર (પૂર્વ સદસ્ય), ભૂપતસિંહ ઠાકોર, મોબતસિંહ સોલંકી (તાલુકા પ્રમુખ ભાજપ), ઉપ સરપંચ ભરતસિંહ સોલંકી પંચાયત સભ્યો અને મોટા સંખ્યામાં ગ્રામજનો



ભરવાડ તરફથી હુડકો (મોદીનગર) વિસ્તારમાં તાત્કાલિક નવીન પીવાના પાણીનો સમગ્ર બોર બનાવવાના ભગીરથ કાર્યનું શુભ ખાતમુહૂર્ત ડભોડા ખાતે કરવામાં આવ્યુ. જેમાં અગ્રણી લલિતસિંહ ઉપસ્થિત રહ્યા હતા. નવીન બોરના તમામ ખર્ચના દાતાઓનો આભાર વ્યક્ત કર્યો હતો. તમામ દાતાઓનું ટૂંક સમયમાં ગ્રામસભામાં જાહેર સન્માન કરવામાં આવશે તેવુ લલિતસિંહ ઠાકોરે જણાવ્યું છે.

## મહાત્મા મંદિર પાસે અજાણ્યા વાહનની અડફેટે ઈજાગ્રસ્ત મહિલાનું સારવાર દરમિયાન મૃત્યું

### અજાણ્યા વાહનની ટક્કરે બાઈક પર સવાર ત્રણ વ્યક્તિને ઈજા પહોંચી હતી

ગાંધીનગર, તા. ૨૮

શહેરના મહાત્મા મંદિર પાસે તાજેતરમાં અજાણ્યા વાહનની અડફેટે ગંભીર રીતે ઈજાગ્રસ્ત બાઈક પર સવાર મહિલાનું અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર દરમિયાન મૃત્યું નિપજ્યું છે. જ્યારે મૃતકના પતિ અને પુત્રી ઈજાગ્રસ્ત હોવાથી સારવાર હેઠળ છે. બનાવ અંગે સેક્ટર-૭ પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગાંધીનગર નજીક રૂપાલ ગામના રીષભ અંબાલાલ સોલંકી ગત તા. ૨૪મી એપ્રિલના રોજ તે લગ્નપ્રસંગમાં હતા તે સમયે તેના નાના ભાઈ કિરણે ફોન કર્યો હતો કે મામાનો દિકરો રાહુલ તેની પત્ની વૈશાલી અને ભાણી રોશની બાઈક પર જઈ રહ્યા હતા. તે સમયે મહાત્મા મંદિરથી ફતેહપુરા કટ પાસે અજાણ્યા વાહને બાઈકને ટક્કર મારી હોવાથી ત્રણેય માર્ગ પર પટકાતા ઈજા પહોંચતા ગાંધીનગર સિવિલ સારવાર માટે ખસેડાયા હતા. જેથી રીષભ સોલંકી સિવિલ દોડી પહોંચ્યા હતા. જ્યાં પ્રાથમિક સારવાર ત્રણેયને વધુ સારવાર માટે અમદાવાદ હોસ્પિટલ ખસેડાયા હતા. અમદાવાદ હોસ્પિટલ ખાતે ત્રણ દિવસથી ત્રણેય ઈજાગ્રસ્તની સારવાર ચાલી રહી હતી. જ્યાં વૈશાલીને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હોવાથી સારવાર દરમિયાન મૃત્યુ નિપજ્યુ હતુ. બનાવ અંગે રાહુલ સોલંકીએ અજાણ્યા વાહનચાલક સામે ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## સંકુલ સાદરામાં સત્રાંત પરીક્ષા ગાંધીજીવન પદ્ધતિથી લેવાઈ



ગાંધીનગર, તા. ૨૮

મહાત્મા ગાંધી સ્થાપિત ગૂજરાત વિદ્યાપીઠનું શતાબ્દી વર્ષ (૧૯-૨૦-૨૦૨૦) ઉજવાઈ ગયું. આજથી સો વર્ષ પહેલાં શરૂ કરવામાં આવેલી ગૂજરાત વિદ્યાપીઠમાં આજે પણ ગાંધીજીવન શિક્ષણનો પ્રભાવ એટલો જ અકબંધ રહ્યો છે.

સો-સો વર્ષના અંતે આજે પણ ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ-સાદરામાં સત્રાંત પરીક્ષા લેવાઈ રહી છે, જેમાં પરીક્ષાર્થીઓની બેઠક વ્યવસ્થા આસન સાથે પલાંઠીવાળી ભોંયતળિયા ઉપર બેસી ઢાળિયા ઉપર લખવાની વ્યવસ્થા સાથે પરીક્ષા લેવાઈ રહી છે. પરીક્ષા ખંડમાં નિરીક્ષણ કાર્ય ડૉ. દિવ્યેશ ભટ્ટ કરી રહ્યા છે. સમગ્ર પરીક્ષા કાર્યક્રમનું આયોજન ડૉ. રાજેન્દ્રભાઈ જોષી દ્વારા કરવામાં આવ્યું હતું. બળદેવ રાઠોળ, પ્રદીપ રાઓલ, ભરત રાવળ, ગોરધન રાવળ, સુરેશ રાવળના સુચારૂ સહકારથી સંકુલના સંયોજક પ્રા. રમેશભાઈ મ. પટેલના માર્ગદર્શન હેઠળ સંકુલ સાદરાના બી.એ.એમ.એ. વિદ્યાર્થીઓની સત્રાંત પરીક્ષા ગાંધીજીવન શિક્ષણ પદ્ધતિ દ્વારા લેવાઈ રહી છે. ગૂજરાત વિદ્યાપીઠના કુલ સચિવ ડૉ. નિખિલ ભટ્ટ અને કુલનાયક ડૉ. રાજેન્દ્ર ખીમાણીજીએ આ પરીક્ષા માટેની શુભેચ્છા પાઠવી હતી.

# ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો રાજ્યકક્ષાનો સ્વાગત ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો

### રાજ્ય-જિલ્લા-તાલુકા સ્વાગતમાં મળી કુલ ૨૦૨૧ રજૂઆતોનું નિવારણ : નાનામાં નાના-ગરીબ-સામાન્ય માનવીની રજુઆતો-પ્રશ્નોનું સ્થાનિક સ્તરે જ નિવારણ લાવવા જિલ્લા અધિકારીઓને મુખ્યમંત્રીશ્રીની સુચનાઓ







ગાંધીનગર, તા. ૨૮

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સમાજના નાનામાં નાના સામાન્ય માનવી, ગરીબ વર્ગોની રજૂઆતો પ્રશ્નોનું સ્થાનિક સ્તરે જ નિવારણ અને છેવાડાના માનવીની સમસ્યાઓ-રજૂઆતોનો હકારાત્મક ઉકેલ લાવવા જિલ્લા કલેકટરો અને જિલ્લા અધિકારીઓને ભારપૂર્વક અનુરોધ કર્યો છે.

રાજ્યના નાગરિકો-જનતા જનાર્દનની ફરિયાદો રજુઆતોના ટેકનોલોજીના માધ્યમથી સંવાદ-માર્ગદર્શન દ્વારા નિવારણનો આ ''સ્ટેટ વાઈડ એટેન્શન ઓન પબ્લીક ગ્રિવન્સીસ બાય એપ્લીકેશન ઓફ ટેકનોલોજી'' (SWAGAT) સ્વાગત કાર્યક્રમ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના તેમના મુખ્યમંત્રી પદ કાળ દરમ્યાનથી શરૂ કરાવેલો છે.

આ 'સ્વાગત' કાર્યક્રમ અંતર્ગત દર મહિનાના ચોથા ગુરૂવારે યોજાતા રાજ્ય સ્વાગતમાં મુખ્યમંત્રીશ્રી નાગરિકોની ફરિયાદો રજૂઆતો પ્રત્યક્ષ સાંભળે છે.

તદઅનુસાર, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યકક્ષાના સ્વાગત કાર્યક્રમમાં ગાંધીનગરમાં મુખ્યમંત્રીશ્રીના જનસંપર્ક એકમના સ્વાગત કક્ષમાં રજૂઆત કર્તા અરજદારોની રજૂઆતો પ્રત્યક્ષ સાંભળી હતી અને જિલ્લા અધિકારીઓને વિડીયો કોન્ફરન્સીંગથી માર્ગદર્શન પુરૂ પાડયુ હતું.

મુખ્યમંત્રીશ્રી સમક્ષ રાજ્ય સ્વાગતમાં ૮ રજૂઆતો આવી હતી. આ ઉપરાંત જિલ્લા કક્ષાના સ્વાગત કાર્યક્રમમાં ૩૦૬ અને તાલુકા સ્વાગતની ૧૭૦૭ મળી સમગ્રતયા ૨૦૨૧ રજૂઆતોનું સુચારૂ નિવારણ લાવી દેવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ રાજ્ય સ્વાગતમાં વિડીયો કોન્ફરન્સથી જોડાયેલા જિલ્લા વહિવટીતંત્રના અધિકારીઓને માર્ગદર્શન આપતાં કહ્યું કે, ગ્રામ, તાલુકા અને જિલ્લા કક્ષાએ જ પ્રશ્નો-રજૂઆતોનો ઉકેલ આવી જાય અને રાજ્ય સ્વાગતમાં કોઈ અરજદારે આવવું જ ન પડે તેવી સ્થિતી ઊભી કરવી સૌની સહિયારી જવાબદારી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય શાસનનું દાયિત્વ સંભાળ્યા બાદ યોજાયેલા આ બીજા રાજ્ય સ્વાગત કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કૈલાસનાથન, અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી તેમજ મુખ્યમંત્રી કાર્યાલયના વરિષ્ઠ અધિકારીઓ અને રાજ્ય સરકારના વિભાગોના વરિષ્ઠ સચિવશ્રીઓ પણ જોડાયા હતા.

## રાહેલબા વૃધ્ધાશ્રમમાં અપંગ માનવસેવા સંઘ અમદાવાદ દ્વારા સેવા કાર્ય




ચિલોડા, તા. ૨૮

જનસેવા એજ પ્રભુસેવા મંત્રને સાર્થક કરવા સમાજમાં સમાજના સેવાભાવી સંસ્થાઓ તેમજ નાગરિકો દ્વારા સેવાની સુગંધ ચોતરફ પ્રસરી રહે તેવા ઉમદા કાર્ય કરી સુંદર દૃષ્ટાંતો જોવા મળે છે. ગાંધીનગર તાલુકાના મગોડી ગામે આવેલ રાહેલબા વૃધ્ધાશ્રમમાં અમદાવાદ સ્થિત અપંગ માનવ સેવા સંઘ દ્વારા વૃધ્ધો, અશક્તોને પ્રેમપૂર્વક ભાવતું ભોજન પીરસવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના પ્રતિનિધિ કુમારી નર્મદાબેન ડી. પટેલના માતૃશ્રીની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ સંસ્થાના હિતેષ પટેલ, પ્રવિણસિંહ રાજપૂત, જીવણભાઈ દેસાઈ, ઉષાબેન નાઈ અને નિતિનભાઈ કે. પટેલ ઉપસ્થિત રહી વડીલોની અંતરખબર પૂછી આશીર્વાદ મેળવ્યા હતા.

## આજે આઝાદીના આંદોલનમાં આદિવાસી સ્વાતંત્ર્યસેનાનીઓનું યોગદાન વિષયે સેમિનાર

ગાંધીનગર, તા.૨૮

દેશભરમાં આઝાદીનો અમૃત મહોત્સવ વિવિધ રીતે ઉજવાઈ રહ્યો છે, આ પ્રસંગે ગાંધીનગર ખાતે ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટી તથા અખિલ ગુજરાત કોલેજ અને યુનિવર્સિટી આદિવાસી અધ્યાપક મંડળ દ્વારા સેકટર-૧૭માં ચ-૫ સર્કલ પાસેની સ્ટાફ ટ્રેનિંગ કોલેજ ખાતે તા.૨૯મી એપ્રિલ, શુક્રવારે સવારે ૧૦.૩૦ કલાકે એક દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે જેનો વિષય આઝાદીના આંદોલનમાં ગુજરાતના આદિવાસી સ્વાતંત્ર્ય સેનાની ઓનું યોગદાન રાખવામાં આવ્યો છે. આ સેમિનારમાં મુખ્ય મહેમાન પદે ગુજરાત રાજ્યના મુખ્ય ચુંટણી કમિશ્નર સંજય પ્રસાદ, અતિથિ વિશેષ પદે ગુજરાત હાઈકોર્ટના એડવોકેટ વનરાજ પારગી ઉપરાંત ગુજરાત યુનિવર્સિટીના ઈતિહાસ વિભાગના અધ્યક્ષ ડો.અરૂણ વાઘેલા અને સુરતની ઝેડ વાડિયા વિમેન્સ કોલેજના ઈતિહાસના એસોસિયેટ પ્રોફેસર સી.સી.ચૌધરી ઉપસ્થિત રહેશે.

## અમદાવાદમાં એલ.ડી. એન્જિનિયરિંગ કોલેજના નવા હોસ્ટેલ બ્લોકનું લોકાર્પણ

અમદાવાદ, તા. ૨૮

શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું છે કે રાજ્ય સરકાર દ્વારા વિદ્યાર્થીઓના શૈક્ષણિક ઘડતર તથા કારકિર્દી માટે નવી પોલિસીઓ અમલમાં મુકાય છે ત્યારે વિદ્યાર્થીઓ તેનો પરિણામલક્ષી ઉપયોગ કરે અને અવનવા પ્રોજેક્ટની નિર્માણ કરે જેથી દેશની ગતિશીલતામાં વધારો થશે.

અમદાવાદ સ્થિત એલ.ડી. એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓ દ્વારા અલગ અલગ ટેકનિકલ પ્રોજેક્ટના નિર્માણ કરવામાં આવ્યા છે તે વિદેશોમાં પહોંચ્યા છે તે આપણા સૌ માટે ગર્વની વાત છે એમ તેમણે ઉમેર્યુ હતુ.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે શિક્ષણ વિભાગ દ્વારા રૂપિયા ૩૦ કરોડના ખર્ચે નિર્માણ પામેલી અને ૫૦૮ વિદ્યાર્થીઓની ક્ષમતા ધરાવતી આ હોસ્ટેલ વિદ્યાર્થીઓ માટે ખૂબ જ લાભદાયી નીવડશે.

વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપતાં તેમણે જણાવ્યુ હતુ કે હોસ્ટેલમાં રહેવાથી વિદ્યાર્થીઓ સમૂહજીવનના પાઠ શીખી શકે છે અને સામાજિક જીવનની ક્ષમતામાં વધારો થાય છે. પારિતોષિક પામેલ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવતા જણાવ્યુ હતુ કે વિદ્યાર્થીઓ આ જ રીતે અવનવા પ્રોજેકટોનું નિર્માણ કરતાં રહે અને દેશ વિદેશમાં તકનિકી ક્ષેત્રે ભારતનું નામ રોશન કરતા રહે તે સમયની માંગ છે.

આ કાર્યક્રમમાં રાજ્યના ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણમંત્રી કુબેરભાઈ ડીંડોર, શિક્ષણ વિભાગના અગ્ર સચિવ એસ.જે. હૈદર, જીટીયુના વાઈસ ચાન્સેલર નવીન શેઠ, ટેકનિકલ એજ્યુકેશનના ડાયરેક્ટર જી.ટી. પંડ્યા, એસએસી ઈસરોના ડિરેક્ટર નિલેશ દેસાઈ અને મેઘમણી કેમિકલ્સના મેનેજિંગ ડિરેકટર આશિષ સોપારકર ઉપસ્થિત રહ્યા હતા.

**ઈન્ડેક્ષ્ટ-સી,** ઈન્ડસ્ટ્રીયલ એક્ષ્ટેન્શન કોટેજ (ગુજરાત સરકારની સંસ્થા)

iNDEXT-c

બ્લોક નં. ૭/૧, ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર, ઓફીસ : ૦૭૯-૨૩૨૫૬૦૦૫
E-mail : exdire-indext-c@gujarat.gov.in

**હાથશાળ-હસ્તકલાના મેળા-પ્રદર્શનમાં ભાગ લેવા બાબત**

ગુજરાત સરકારના કુટિર અને ગ્રામોદ્યોગ ખાતા હેઠળના ઈન્ડેક્ષ્ટ-સી દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩માં રાજ્યમાં તથા રાજ્ય બહાર વિવિધ સ્થળોએ હાથશાળ-હસ્તકલાના પ્રદર્શન-સહ-વેચાણ મેળાના આયોજન થકી રાજ્યના હાથશાળ-હસ્તકલા અને ગ્રામોદ્યોગ ક્ષેત્રના વ્યક્તિગત કારીગરો / ઔદ્યો.સહ.મંડળીઓ / સંસ્થાઓ / સખી મંડળોને સીધી બજાર વ્યવસ્થા પુરી પાડી આત્મનિર્ભર કરવાનો આયોજન છે. આ મેળા - પ્રદર્શનમાં ભાગ લેવા માટે ઈન્ડેક્ષ્ટ-સીનું કારીગર ઓળખકાર્ડ ધરાવતા કારીગરો તથા DC હેન્ડીક્રાફ્ટ (GOI) દ્વારા આપવામાં આવેલકારીગર ઓળખકાર્ડ, ઔદ્યો.સહ. મંડળી / સંસ્થાઓ / સખી મંડળો પાસેથી નિયત નમુનામાં નવેસરથી અરજીઓ મંગાવવામાં આવે છે. **અધુરી વિગતવાળુ તથા આધાર પુરાવા વગરનું અરજીપત્રક આપોઆપ રદ ગણાશે.**

રાજ્યના હાથશાળ-હસ્તકલા ક્ષેત્રના **રાજ્ય તથા રાષ્ટ્રીય એવોર્ડ વિજેતા કારીગરો તથા રાજ્યની લુપ્ત થતી હસ્તકલા**ના કારીગરોને વિના મુલ્યે સ્ટોલ આપવામાં આવશે તથા ઉચ્ચક રૂ. ૫,૦૦૦/-ની સહાય નિયમ મુજબ શરતોને આધિન ચુકવવામાં આવશે. જે મેળામાં જીવંત નિદર્શન (લાઈવ ડેમો) કરાવવામાં આવશે તે માટે નિયત મહેનતાણું આપવામાં આવશે.

આ માટે નિયત અરજીફોર્મ ઈન્ડેક્ષ્ટ-સીની વેબસાઈટ www.craftofgujarat.gujarat.gov.in ઉપરથી ડાઉનલોડ કરી તમામ વિગતો ભરેલું અરજી ફોર્મ **તા. ૩૦/૫/૨૦૨૨ સુધીમાં** ઉપરોક્ત જણાવેલ સરનામે મોકલી આપવાનું રહેશે. વિગતવાર માહિતી માટે ઈન્ડેક્ષ્ટ-સીની વેબસાઈટ જોવા અનુરોધ છે.

**માહિતી/૨૦૩/૨૨-૨૩** **કાર્યવાહક નિયામક**